


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 155
Dt.: 11-04-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### ઐતિહાસિક પરમાણુ ડીલને મંજૂરી

## ભારતને યુરેનિયમનો ભંડાર આપશે કઝાકિસ્તાન, ચીન સ્તબ્ધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના પરમાણુ ઉર્જા પ્લાન્ટ્સ માટે ઈંધણની ચિંતા હવે દૂર થવા જઈ રહી છે. વિશ્વની સૌથી મોટી યુરેનિયમ સપ્લાય કરતી કંપની **Kazatomprom** (કઝાકિસ્તાન) એ ભારતને આગામી અનેક વર્ષો સુધી યુરેનિયમ સપ્લાય કરવા માટે મંજૂરી આપી દીધી છે. આ સોદો એટલો વિશાળ છે કે, તેને મંજૂર કરવા માટે કંપનીના શેરધારકોની ખાસ બેઠક બોલાવવી પડી હતી. કઝાકિસ્તાનની નેશનલ એટોમિક કંપની **Kazatomprom** ના શેરધારકોની મળેલી બેઠકમાં ૯૨.૯% મતો સાથે ભારતને યુરેનિયમ વેચવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સોદાનું મૂલ્ય એટલું વધારે છે કે તે **Kazatomprom** કંપનીની કુલ સંપત્તિના ૫૦% થી પણ વધુ છે. આ કરાર ભારત સરકારના પરમાણુ ઉર્જા વિભાગ **(DAE)** હેઠળના ડિરેક્ટોરેટ ઓફ પર્ચેઝ એન્ડ સ્ટોર્સ **(DPS)** સાથે કરવામાં આવ્યો છે. સુરક્ષા અને વ્યાપારિક કારણોસર યુરેનિયમની ચોક્કસ માત્રા અને કિંમત ગુપ્ત રાખવામાં આવી છે.

ભારત પોતાના પરમાણુ રિએક્ટરો ચલાવવા માટે મોટાભાગે આયાતી યુરેનિયમ પર નિર્ભર છે. કઝાકિસ્તાન વિશ્વના કુલ ઉત્પાદનમાં ૪૦% હિસ્સો ધરાવે છે. આ ડીલથી ભારતના પરમાણુ પ્લાન્ટ્સને અવિરત ઈંધણ મળતું રહેશે. વધતી જતી વીજળીની માંગને પહોંચી વળવા પરમાણુ ઉર્જા પર ભારતનો ભરોસો વધ્યો છે, જેમાં આ યુરેનિયમ મહત્વની ભૂમિકા ભજવશે. ભારત અને કઝાકિસ્તાન વચ્ચે ૨૦૧૫-૨૦૧૯ દરમિયાન પણ ૫,૦૦૦ ટન યુરેનિયમનો સોદો થયો હતો, જે હવે નવા સ્તરે પહોંચ્યો છે.

નિષ્ણાતોનું માનવું છે કે, કઝાકિસ્તાનના ઉત્પાદનનો એક મોટો હિસ્સો સીધો ભારતને ફાળવવામાં આવતા વૈશ્વિક બજારમાં યુરેનિયમની ઉપલબ્ધતા ઘટી શકે છે. આના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં યુરેનિયમના ભાવમાં ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. ચીન પણ પોતાની ઉર્જા જરૂરિયાતો માટે યુરેનિયમ પર નિર્ભર છે, પરંતુ ભારતે વહેલી તકે આ મોટો કરાર કરીને ચીન માટે મુશ્કેલી ઊભી કરી દીધી છે.

કઝાકિસ્તાન પાસે દુનિયાનો બીજો સૌથી મોટો યુરેનિયમ ભંડાર છે (લગભગ ૧૪% હિસ્સો). વર્ષ ૨૦૦૯ થી તે વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ રહ્યો છે. કઝાકિસ્તાનમાં ઈન-સીટુ રિકવરી **(ISR)** ટેકનીકથી અત્યંત સસ્તા દરે યુરેનિયમનું ખનન કરવામાં આવે છે, જે ભારત માટે આર્થિક રીતે પણ ફાયદાકારક રહેશે.

### કરારનું પાલન નહીં થાય ત્યાં સુધી સેના ત્યાં જ રહેશેઃ ટ્રમ્પ

## હોર્મુઝની ખાડીમાં બિછાવેલી સુરંગોનો ચાર્ટ જારી કરી ઈરાનની અમેરિકાને ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ

ઈરાને રેવલ્યુશનરી ગાર્ડ દ્વારા હોર્મુઝની ખાડીમાં બિછાવાયેલી માઈન્સનો નકશો પ્રકાશિત કરી અમેરિકાને આડકતરો સંદેશ આપ્યો હતો. ત્રણેય દેશો વચ્ચે કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત થઈ હોવા છતાં ઈરાન અને અમેરિકા દ્વારા યુદ્ધવિરામની શરતો અંગે વિપરીત દાવાઓ કરી રહ્યાં છે. ઈરાનનું કહેવું છે કે આ કરાર હેઠળ તે હોર્મુઝની સામુદ્રધૂની પર નિયંત્રણ રાખશે, ટોલ ટેક્સ વસૂલશે અને યુરેનિયમનું સંવર્ધન ચાલુ રાખશે.

બીજી તરફ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે આ માર્ગ ખુલ્લો રહેશે અને ઈરાને તેનો યુરેનિયમ જથ્થો સોંપવો પડશે. ઈરાનીયન સમાચાર એજન્સીઝ આઈએસએનએ તથા તસ્નીમ દ્વારા જાહેર કરાયેલાં હોર્મુઝની ખાડીના ચાર્ટમાં, જહાજોના મુખ્ય અવરજવરના માર્ગ પર ફારસી ભાષામાં 'ડેન્જર ઝોન' દર્શાવવામાં આવ્યો છે. જોકે ઈરાનીયન રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા આ રૂટ પરની કોઈ માઈન્સ દૂર કરાઈ છે કે નહીં તેની સ્પષ્ટતા તેમાં નથી કરાઈ. આ રૂટમાંથી કુલ ઓઈલ અને કુદરતી ગેસનો ૨૦ ટકા જથ્થો પસાર થાય છે. ચાર્ટમાં દર્શાવાયા મુજબ, જહાજોએ હવે ઈરાનની મુખ્ય ભૂમિની નજીક આવેલા લારક ટાપુ પાસેથી પસાર થવું પડશે.ડોનાલ્ડ ટ્રમ્પે આકરું વલણ અપનાવતાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી યુદ્ધવિરામની શરતોનું યોગ્ય પાલન નહીં થાય ત્યાં સુધી અમેરિકન નૌકાદળ ત્યાં જ રહેશે.

### ભારતીય એરલાઈન્સને સૌથી વધુ નુકસાન

## US-ઈરાન યુદ્ધ વચ્ચે દુબઈએ ૩૧ મે સુધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ કરી મર્યાદિત

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ

અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે દુબઈએ ૩૧ મે સુધી તેના એરપોર્ટ પર વિદેશી એરલાઈન્સ કામગીરીને દરરોજ માત્ર એક ફ્લાઈટ સુધી મર્યાદિત કરી છે. આ નિર્ણયથી ભારતીય એરલાઈન્સને સૌથી વધુ નુકસાન થવાની ધારણા છે. એજન્સી દ્વારા મળતા અહેવાલ મુજબ, આ પ્રતિબંધથી ભારતીય એરલાઈન્સમાં આવકના નુકસાન અંગે ચિંતા વધી છે. આ એરલાઈન્સે શરૂઆતમાં અન્ય કોઈપણ દેશ કરતાં દુબઈ માટે વધુ ફ્લાઈટ્સનું આયોજન કર્યું હતું.

આ એવા સમયે થયો છે જ્યારે ભારતીય એરલાઈન્સ પહેલાથી જ ઊંચા ઈંધણના ભાવને કારણે નાણાકીય દબાણનો સામનો કરી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર, ભારતમાં એવિએશન ટર્બાઈન ફ્યુઅલ **(ATF)** ના ભાવ લગભગ બમણા થઈ ગયા છે, જે દિલ્હીમાં પ્રતિ કિલોલિટર રૂ.૨.૦૭ લાખથી વધુ પહોંચી ગયા છે. વધુમાં, ભારતીય એરલાઈન્સ પશ્ચિમી દેશોમાં લાંબા રૂટ પર ઉડાન ભરવાની ફરજ પડી છે કારણ કે ગયા વર્ષે બંને દેશો વચ્ચે લશ્કરી તણાવ બાદ તેમને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. એજન્સીએ અહેવાલ આપ્યો છે કે આનાથી તેમના ખર્ચના દબાણમાં વધુ વધારો થયો છે.

ઈન્ડિગો, એર ઈન્ડિયા અને સ્પાઈસજેટ જેવી મોટી એરલાઈન્સનું પ્રતિનિધિત્વ કરતી ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સ **(FIA)** એ ૩૧ માર્ચે મોકલેલા પત્રમાં ભારત સરકારને આ પ્રતિબંધો હટાવવા માટે દુબઈના અધિકારીઓ સાથે વાટાઘાટો કરવા વિનંતી કરી છે. જો આ પ્રયાસ નિષ્ફળ જાય, તો **FIA** એ સરકારને દુબઈ એરલાઈન્સ – જેમાં એમિરેટ્સ અને ફ્લાયદુબઈનો સમાવેશ થાય છે – સામે બદલો લેવાનો વિચાર કરવા પણ કહ્યું છે.

૨૭ માર્ચના રોજ એક ખાનગી ઈ-મેઈલમાં, દુબઈ એરપોર્ટ્સે એરલાઈન્સને જાણ કરી હતી કે ઉનાળાની ઋતુ દરમિયાન, ૨૦ એપ્રિલથી ૩૧ મે વચ્ચે, તેમને દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ **(DXB)** – સામાન્ય રીતે વિશ્વના સૌથી વ્યસ્ત આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ હબ – અને નાના અલ મક્તૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ **(DWC)** વચ્ચે દરરોજ ફક્ત એક રાઉન્ડ-ટ્રીપ ફ્લાઈટ ચલાવવાની મંજૂરી આપવામાં આવશે.

**FIA** એ ભારત સરકારને જાણ કરી હતી કે આ પ્રતિબંધો દુબઈની પોતાની એરલાઈન્સ – જેમ કે એમિરેટ્સ અને ફ્લાયદુબઈ પર લાગુ કરવામાં આવી રહ્યા નથી. **FIA** કહે છે કે આ પગલાથી ભારતીય એરલાઈન્સ પર અપ્રમાણસર અસર પડશે અને "નોંધપાત્ર" આવક નુકસાન થઈ શકે છે.

૨૦૨૫માં, ભારત દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ **(DXB)** માટે મુસાફરોનો સૌથી મોટો સ્રોત હતો, જે ૧૧.૯ મિલિયન મુસાફરોનું સંચાલન કરતા હતા. સિરિયમના એપ્રિલ અને મે મહિનાના શેડ્યૂલ ડેટા અનુસાર, દુબઈ દ્વારા લાદવામાં આવેલા નવા પ્રતિબંધોની ભારતીય એરલાઈન્સ પર નોંધપાત્ર અસર પડશે.

એર ઈન્ડિયા અને તેની બજેટ એરલાઈન, એર ઈન્ડિયા એક્સપ્રેસ, એ આ સમયગાળા દરમિયાન **DXB** માટે ૭૫૦ થી વધુ ફ્લાઈટ્સ શેડ્યૂલ કરી છે. ઈન્ડિગો પાસે ૪૮૧ ફ્લાઈટ્સ છે, ત્યારબાદ સાઉદિયા અને ગલ્ફ એર છે, જેમણે અનુક્રમે ૪૮૦ અને ૪૦૪ ફ્લાઈટ્સનું આયોજન કર્યું છે. રોઈટર્સ અનુસાર, ભારતની સ્પાઈસજેટે ૬૧ ફ્લાઈટ્સનું આયોજન કર્યું હતું.

### UPIમાં ૫ મોટા ફેરફારની તૈયારીમાં RBI

## રૂ.૧૦ હજારથી વધુ રકમના ટ્રાન્ઝેક્શનમાં ૧ કલાકનો વિલંબ!

### ધારો કે તમે ૧૨ હજારનું પેમેન્ટ કર્યું, તો બેલેન્સ તમારા ખાતામાંથી કપાઈ જશે, પરંતુ પૈસા એક કલાક સુધી તમારી બેંક પાસે જ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં ઓનલાઈન ફ્રોડ રોકવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કેટલાક કડક પગલાં લીધા છે, જેને ૫-પોઈન્ટ સેફ્ટી પ્લાન કહેવામાં આવી રહ્યો છે. જોકે હાલમાં આ માત્ર પ્રસ્તાવિત છે. હજુ અમલમાં આવ્યા નથી. આ પ્લાનમાં કિલ સ્વિચથી લઈને પેમેન્ટ પ્રક્રિયામાં એક કલાકના વિલંબ જેવી જોગવાઈઓ સામેલ છે. આ નિયમો કેમ લાવવામાં આવી રહ્યા છે. નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટના આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૫માં ૨૮ લાખ ડિજિટલ ફ્રોડ થયા હતા. સામાન્ય નાગરિકોના બેંક ખાતામાંથી અંદાજે ૨૨,૯૩૧ કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી હતી. નોંધનીય બાબત છે કે, આ છેતરપિંડીમાં ૯૮ ટકાથી વધુ હિસ્સો ૧૦ હજાર રૂપિયાથી ઉપરની રકમનો હતો. તેથી રિઝર્વ બેંક હવે ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાની સાથે તેની સુરક્ષા પર પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.



શું છે ૫ માસ્ટર પ્લાન?

કિલ સ્વિચઃ જો યુઝરને લાગે કે તેની સાથે કોઈ છેતરપિંડી થઈ છે અથવા થઈ શકે છે, તો તે સિંગલ ક્લિક દ્વારા તેના તમામ એકાઉન્ટ્સના ડિજિટલ પેમેન્ટ મોડ્સ તાત્કાલિક બંધ કરી શકે છે. એટલે કે એક જ ક્લિક પર **UPI**, નેટ બેંકિંગ અને કાર્ડ્સ સુરક્ષિત કરી શકાશે.

કલાકનો વેટિંગ પીરિયડઃ ૧૦ હજારથી વધુની રકમના ટ્રાન્ઝેક્શન પર હવે એક કલાકનો વેટિંગ પીરિયડ રહેશે. ધારો કે તમે ૧૨ હજારનું પેમેન્ટ કર્યું, તો બેલેન્સ તમારા ખાતામાંથી કપાઈ જશે, પરંતુ પૈસા એક કલાક સુધી તમારી બેંક પાસે જ રહેશે. આ દરમિયાન જો તમને લાગે કે પેમેન્ટ ભૂલથી થયું છે કે ફ્રોડના કારણે, તો તમે બેંકને જાણ કરી શકો છો. આમ કરવાથી ટ્રાન્ઝેક્શન કેન્સલ થઈ જશે.

વરિષ્ઠ નાગરિકો માટે ટ્રસ્ટેડ પર્સન (૭૦+ વર્ષ): ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને છેતરપિંડીથી બચાવવા માટે **RBI**એ ટ્રસ્ટેડ પર્સનનો એક કોન્સેપ્ટ રજૂ કર્યો છે. મોટા ટ્રાન્ઝેક્શન માટે આ ગ્રાહકોએ તેમના કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિ દ્વારા ઓથેન્ટિકેશન કે વેરિફિકેશન કરાવવું ફરજિયાત બની શકે છે. આનાથી સોશિયલ એન્જિનિયરિંગ દ્વારા થતી ઠગાઈ અટકશે.

શેડો ક્રેડિટઃ ઠગ લોકો અવારનવાર બીજાના નામે ખોલાવેલા નકલી ખાતા (મ્યુલ એકાઉન્ટ્સ)નો ઉપયોગ કરે છે. હવે રિઝર્વ બેંક દર વર્ષની ક્રેડિટ લિમિટ નક્કી કરવા પર વિચાર કરી રહી છે. જો કોઈ ખાતામાં અચાનક નિર્ધારિત મર્યાદા કરતા વધુ પૈસા આવે છે, તો તેને શેડો ક્રેડિટમાં રાખવામાં આવશે. એટલે કે, પૈસા ખાતામાં તો દેખાશે પણ ગ્રાહક તેને ત્યાં સુધી ઉપાડી નહીં શકે જ્યાં સુધી તે બેંકને પૈસાનો સાચો સ્રોત ન બતાવે.

મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન **(MFA)**: હવે માત્ર **OTP** પૂરતો રહેશે નહીં. **RBI**એ સૂચન કર્યું છે કે હાઈ-વેલ્યુ ટ્રાન્ઝેક્શન માટે બાયોમેટ્રિક્સ, પિન અથવા સેફ્ટી ટોકન જેવા લેયર્સ જરૂરી બનાવવામાં આવે. સિસ્ટમ એ પણ તપાસશે કે લેવડ-દેવડ કોઈ નવા ડિવાઈસથી થઈ રહી છે કે જૂના ભરોસાપાત્ર ડિવાઈસથી.

## છત્તીસગઢમાં ગમખ્વાર અકસ્માતઃ ૨ કાર વચ્ચે ભીષણ ટક્કરમાં ૬ લોકોના દર્દનાક મોત, ૩ ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)કાંકેર

છત્તીસગઢના કાંકેર જિલ્લામાં ગુરુવારે રાત્રે એક અકસ્માત સર્જાયો હતો. અહીં બે કાર વચ્ચે થયેલી સામસામેની જોરદાર ટક્કરમાં એક માસૂમ બાળક સહિત કુલ ૬ લોકોના કરુણ મોત નીપજ્યા છે. કાંકેરના પોલીસ અધિક્ષક નિખિલ અશોક કુમાર રાખેચાએ જણાવ્યું હતું કે, આ અકસ્માત મોડી રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ નાથિયા નવાગાંવ પાસે થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે બંને કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ૬ લોકોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં અન્ય ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર, ઘાયલોની હાલત હજુ પણ નાજુક છે અને તેઓને સતત મેડિકલ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા જ કોતવાલી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક લોકોની મદદથી રાહત કામગીરી શરૂ કરી હતી. પોલીસે હાલ તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે. બંને કાર તેજ ગતિએ હોવાને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું મનાય છે. પોલીસ ઘાયલોના નિવેદન અને અન્ય પુરાવાઓના આધારે સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરી રહી છે.






### કોર્ટમાં રડી પડી 'કેટામાઈન ક્વિન'

## હોલિવૂડ સ્ટાર મેથ્યુ પેરી મોત કેસમાં ભારતીય મૂળની મહિલાને ૧૫ વર્ષની સજા!

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

લોસ એન્જલસની અદાલતે 'ફ્રેન્ડ્સ' ટીવી શોના સ્ટાર મેથ્યુ પેરીના મૃત્યુ માટે જવાબદાર મહિલાને ૧૫ વર્ષની જેલની સજા ફટકારી છે. 'કેટામાઈન ક્વિન' તરીકે કુખ્યાત ૪૨ વર્ષીય જસવીન સંઘાએ મેથ્યુને જીવલેણ ડ્રગ્સ સપ્લાય કર્યા હતા. ભારતીય મૂળની જસવીન સંઘા બ્રિટનમાં ૧૯૮૩માં પંજાબી પરિવારમાં જન્મી હતી. અમેરિકા અને બ્રિટનની બેવડી નાગરિકતા ધરાવતી જસવીન હોલીવુડની હાઈ પ્રોફાઈલ સેલિબ્રિટીઓને ડ્રગ્સ પૂરા પાડતી હતી. તે પોતાને 'VIP સેલિબ્રિટીઝ' માટેની 'સ્પેશિયલ ડીલર' તરીકે ઓળખાવતી હતી. સુપરહિટ શો 'ફ્રેન્ડ્સ'માં ચાન્ડલર બિંગની ભૂમિકા ભજવતો મેથ્યુ પેરી લાંબા સમયથી ડ્રગ્સના વ્યસન સામે લડી રહ્યો હતો. ઓક્ટોબર, ૨૦૨૩માં લોસ એન્જલસ ઘરના હોટ ટબમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. તપાસમાં જણાયું હતું કે કેટામાઈનના ઓવરડોઝને કારણે તેનું મૃત્યુ થયું હતું.જસવીન સંઘાએ મેથ્યુના મૃત્યુના ચાર દિવસ પહેલાં તેને (તેના અંગત સહાયક મારફતે) ઈ૬,૦૦૦ માં કેટામાઈનની ૨૫ બોટલો વેચી હતી. તેણીના ઘરે દરોડા દરમિયાન પોલીસને કેટામાઈનની ૭૯ બોટલો, મેથામ્ફેટામાઈનની હજારો ગોળીઓ અને કોકેન મળી આવ્યા હતા. તેણી પાસે પૈસા ગણવાનું મશીન અને ડ્રગ્સ પેક કરવાનો સામાન પણ હતો.મેથ્યુ પેરીની સાવકી માતા ડેબી પેરીએ કોર્ટમાં કહ્યું હતું કે, 'જસવીનને કારણે




અમને કદી ન પુરાય એવી ખોટ પડી છે. કૃપા કરીને આ નિર્દય મહિલાને મહત્તમ સજા આપો.' મેથ્યુના સાવકા પિતાએ પણ મેથ્યુના અકાળ મૃત્યુ બાબતે બહુ અફસોસ વ્યક્ત કર્યો હતો. જસવીન સંઘા કોર્ટમાં રડી પડી હતી. તેણે કહ્યું હતું કે, 'હું દરરોજ માફી માંગું છું. મારા નિર્ણયોએ લોકોના જીવન બરબાદ કર્યા છે.' જો કે, ન્યાયાધીશે એ વાતની નોંધ લીધી હતી કે તેણીએ ધરપકડ બાદ કોઈ પસ્તાવો દર્શાવ્યો ન હતો, જેના કારણે તેને ૧૫ વર્ષની સજા કરવામાં આવી છે.

